આજે ગુજરાતના સાહસવીર ઉદ્યોગપતિની જન્મજયંતિ

વિનસ્ટન ચર્ચિલે એક વખત કહ્યું હતું કે 'જવાબદારી એ મહાનતાની કિંમત છે.' આ સાદા વાક્યનો અર્થ ગૂઢ છે. ચર્ચિલે આ જે સંદર્ભમાં કહ્યું હોય તેને બાજુમાં રાખીએ તો પણ, મહાનતા શબ્દને એક નિરપેક્ષ ગુણ તરીકે જોવાય છે પરંતુ વાસ્તવમાં મહાનતા પણ સાપેક્ષ છે. ધીરૂભાઈની મહાનતા તો વૈશ્વિક રીતે સ્વીકારાયેલ છે જ, પરંતુ તેમણે આ મહાનતા પ્રાપ્ત કરવા ચૂકવેલી કિંમત અનેક ગણી છે. સમય, સમાજ-જીવન, આનંદ-પ્રમોદ, આરામ અને સ્વાસ્થ્ય પેટે તેમણે જે ભોગ આપ્યો હશે તેની કલ્પના પણ ન થઈ શકે.

હું આમ કહેવાની હિંમત કરૂં છું કારણ કે મેં તેમને રાત-દિવસ જોયા વગર ઓફિસમાં, પ્લાન્ટમાં, બેઠકોમાં, વાર્ષિક સામાન્ય સભાઓને સંબોધતા, પ્રવાસમાં, રજાના દિવસોમાં, મુશ્કેલીના સમયમાં, સારી-નરસી સ્થિતિઓમાંથી પોતાની કેડી કંડારતા જોયા છે. મુશ્કેલીના સમયમાં પણ તેઓને મેં મૂંઝાતા જોયા નથી. તેઓ હમેશાં લક્ષ્ય-કેન્દ્રીત રહ્યા. જ્યારે તેઓ કહેતા 'પ્રતિકૂળતાને અવસરમાં બદલો' ત્યારે તે કેમ કરવું તેની કળા પણ તેઓ જાણતા જ.

મને યાદ છે ૧૯૯૮નું વાવાઝોડું કે જેણે સૌરાષ્ટ્ર-કચ્છના સાગરકાંઠાને લગભગ રગદોળી નાંખ્યો હતો. એ સમયે જામનગરમાં વિશ્વકક્ષાની સૌથી મોટી ગ્રાસરૂટ રિફાઈનરીનું કાર્ય ધમધોકાર ચાલતું હતું. બાંધકામ સામગ્રી, અડધા બંધાયેલા પ્લાન્ટ, ટેન્ક ફાર્મ, મશીનરી ઉપરાંત પ્રોજેક્ટ ઓફિસોને તો ભારે નુક્સાન થયું જ હતું. પરંતુ વાવાઝોડાએ શ્રમિક વર્ગમાં એવો માનસિક ડર ઊભો કર્યો હતો કે, હજારો કામદારોએ જામનગર છોડવાનું શરૂં કર્યું હતું. પ્રોજેક્ટ સાઈટ ઉપર યંત્ર-સામગ્રી અને સાધન સંપત્તિનું એટલું મોટું નુક્સાન થયું હતું કે બની બેઠેલા નિષ્ણાતોએ તો 'રિલાયન્સ રિફાઈનરી પ્રોજેક્ટ પડી ભાંગ્યો, ફરી બેઠો થતાં વાર લાગશે' તેવું કહેવાનું શરૂ કરી દીધું હતું.

આ આફત વેળાએ પણ ધીરૂભાઈ અવિચળ રહ્યા અને તેની સામે અસાધારણ રીતે ઝઝૂમ્યા. નિરાશાનાં કે નુક્સાનનાં રોદણાં રોયા વગર, તેમણે તેમની અન્ય સાઈટનાં સાધનોને જામનગર તરફ વાળ્યાં. તેમણે અમને લેબર કોલોની સહિત ગામડાંઓ ઉપરાંત જામનગર જીલ્લાના વહીવટી તંત્ર સાથે આસપાસના સમાજની મદદ માટે જોડ્યા. કોર્પોરેટ ક્ષેત્રમાં આજકાલ સામાજીક જવાબદારી પેટે નફામાંથી નિશ્ચિત ટકાવારી ખર્ચવાની વાતો તો હમણાં થઈ રહી છે. પરંતુ ધીરૂભાઈ અંબાણીમાં એ સાહસ કે ગજુ હતું કે જ્યારે રિફાઈનરીમાંથી હજુ તો એક લીટર પેટ્રોલ-ડીઝલ પણ બજારમાં ગયું ન હતું; વેચાણ અને નફો તો દૂરની વાત હતી; તેવા સમયે તેમણે વિલક્ષણ સામાજીક જવાબદારી નિભાવી.

તે માણસની આ મહાનતા છે. એ અગત્યનું નથી કે તેમણે તેની કિંમત કેટલી ચૂકવી. પરંતુ વાસ્તવિકતા એ હતી કે, પ્રોજેક્ટ બાંધકામ ફક્ત ૧૨ દિવસમાં જ ફરીથી ધમધમવા લાગ્યું. ૬૦ હજારથી વધુ કામદારો ફરી કાર્યમાં જોડાયા અને એક સમયે તો આ સંખ્યા ૮૫ હજાર મહત્તમ સુધી પહોંચી. તેમણે કામદારોને નાગરિક જરૂરિયાતો, સલામતી અને સુરક્ષા આપી.

ધીરૂભાઈ અંબાણી એટલા માટે મહાન ન હતા કે તેઓ અઢળક ધન કમાયા. પરંતુ તેમની મહાનતા એ છે કે તેમણે વિશ્વને ઉદાહરણ પુરૂં પાડ્યું કે સામાન્ય માનવીની જીવનભરની મૂડી પણ એટલી જ કિંમતી છે જેટલી બેન્કો કે નાણાં સંસ્થાઓની ધનરાશિ.

ધીરૂભાઈને ઉત્પાદન એકમો માટેનું વળગણ હતું તે તો જાણીતું છે. ગાંધીજીને જેમ ચરખો ગમતો તેમ. કારણ કે ગાંધીજી માનતા કે સૂતરનો તાંતણો સીધી કે આડકતરી રોજગારી આપે છે. શક્ય છે કે ભારતીયોની રાજકીય આઝાદી ઉપરાંત આર્થિક ઉત્થાન વિષેના ગાંધીજીના વિચારો ધીરૂભાઈ અંબાણીને વધુ સ્પર્શી ગયા હોય. ધીરૂભાઈ અદ્યતન ઉત્પાદન પધ્ધતિ દ્વારા હજારો લોકોને સીધી કે આડકતરી રોજગારી આપવામાં માનતા. તેમણે જાણે કે ભારતીયોની આર્થિક પ્રગતિ માટે ઉદાહરણરૂપ ઉદ્યોગો સ્થાપ્યા.

ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે : 'પહેલાં તેઓ તમારી અવગણના કરશે પછી તમારા ઉપર હસશે, પછી તમારી સાથે ઝઘડો કરશે અને પછી તમારી જીત થશે.' જેઓ ધીરૂભાઈને જાણે છે અને સમજે છે તેઓ ચર્ચિલ કે ગાંધીજીનાં વિધાનોના સંદર્ભ જરૂર શોધી કાઢશે.

તેમની મહાનતા એ છે કે તેમણે વિશ્વને ઉદાહરણ પુરૂં પાડ્યું કે સામાન્ય માનવીની મૂડી પણ જીવનભરની એટલી જ કિંમતી છે



જેટલી બેન્કો કે નાણાં સંસ્થાઓની ધનરાશિ

- પરિમલ નથવાણી
ગ્રુપ પ્રેસિડેન્ટ
રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમે ત્રીજું સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાની વાડોકાઈ કરાટે ડૉ એકેડમીએ તાજેતરમાં રાજયકક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ભાગ લઈ ૫૬ મેડલ્સ મેળવી સમગ્ર રાજયમાં ત્રીજું સ્થાન મેળવી ચેમ્પિયનશીપ હાંસલ કરી છે. વડોદરા ખાતે યોજાયેલી કરાટે સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ટીમે ૧૨ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૨૭ બ્રોન્ઝ મેડલ્સ મેળવી સમગ્ર રાજયમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં વડોદરા, ગાંધીનગર, આણંદ, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર અને કચ્છ જિલ્લાના ૪૫૦ રાજય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. વડોદરા ખાતે તાજેતરમાં યોજાયેલી રાજય કક્ષાની કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓમાં ચાલતા કરાટે વર્ગના ૮૦ જેટલા ખેલાડીઓએ ભાગ લઈ ૧૨ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૨૭ બ્રોન્ઝ મેડલ્સ મેળવી સમગ્ર રાજયમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં વડોદરા, ગાંધીનગર, આણંદ, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર અને કચ્છ જિલ્લાના ૪૫૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આણંદ જિલ્લાની ટીમ પ્રથમ અને પોરબંદરની ટીમ દ્વિતીય સ્થાને રહી હતી. માત્ર એક ગોલ્ડ મેડલના તફાવતથી ગાંધીનગરની ટીમ તૃતીય સ્થાને રહી હતી.

સ્પર્ધામાં કુ. હિમાંશી એન. ઓડેદરા, કુ. યશશ્વિ જેઠવા, માનસ એસ. પુનેથા, પાર્થ એ. સિંહ, રાહિલ જે. શાહ, પ્રિન્સ વિ. કુમાર, દક્ષે જી. રાણા, કર્મરાજસિંહ જેતાવત, નયન સુશીલ, જન્મેજય પટેલ, એબીન રોઝ અને સાગર કુમારે ગોલ્ડ મેડલ્સ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગરની ટીમમાં જે ખેલાડીઓનો સમાવેશ થયો હતો તેમના પ્રશિક્ષકો સેનસાઈ ગૌરાંગ રાણા, સેનસાઈ વિશાલ મિસ્ત્રી, સેનસાઈ યોગેશ વિશ્વકર્મા તથા સહાયક પ્રશિક્ષક કર્મજીત બિહોલા અને દર્શન સુથાર સહિત એકેડમીનાં વડા ઓ'સેનસાઈ વિશ્વકર્મા તથા સહાયક પ્રશિક્ષક કર્મજીત બિહોલા અને દર્શન સુથાર સહિત એકેડમીનાં વડા ઓ'સેનસાઈ અરવિંદભાઈ રાણા તથા માનદ્ ચેરમેન જગતભાઈ કારાણીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

'વિચાર ક્રાન્તિ અભિયાન અંતર્ગત' સદ્સાહિત્ય પ્રાપ્ત કરવાનો સુઅવસર

ગાંધીનગર, તા.૨૭

હર માનવમાં દેવત્વ અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરવાના ઉદ્દેશથી પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર યુગ દ્રષ્ટા સ્વાતંત્ર્ય સેનાની પંડીત શ્રીરામ શર્મા આચાર્જી દ્વારા લિખિત ૩૨૦૦થી વધુ પુસ્તકો ઉક્ત એક જ સ્થળેથી મેળવવાનો ગાંધીનગર અને આજુબાજુની જનતાને સુઅવસર સાંપડયો છે જેનો અચુક લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ પુસ્તક મેળામાં આધ્યાત્મિક, વ્યકિત, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ, બાળ ઘડતર, વિદ્યાર્થી જીવન, યુવા વર્ગના પડકારો, યુવાનોની સમસ્યા અને સમાધાન, યુવા ક્રાંતિ, મહિલા જાગૃતિ અને નારી ઉત્થાન, વૃધ્ધાવસ્થા આનંદમાં કેમ વિતાવવી? આપણને સ્પર્શતા સામુહિક પ્રશ્નોનું નિરાકરણ, પ્રખર પ્રતિભા, સાધનાની સિધ્ધિઓ, ઈશ્વરીય અનુભુતિ, આધ્યાત્મિક જગતનું વૈજ્ઞાનિક પ્રતિપાદન, ધર્મનું તત્વદર્શન, કથાના માધ્યમથી જન માનસનું પરિવર્તન, સ્વાસ્થ્ય સંવર્ધન, વ્યસન મુકિત, દિવ્ય જડીબુટ્ટી, માનવ જીવનનું લક્ષ્ય અને ગરીમા, લોકસેવા, સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, સ્વાવલંબન, પર્યાવરણ, રાષ્ટ્ર સમસ્યાના સાંપ્રત પ્રવાહો, સાધના, સંકલ્પ શકિત, ગ્રામ પ્રબંધન, આપદા પ્રબંધન (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) આંતરિક ઉલ્લાસ, રોજગાર, શ્રમ, આર્ષ ગ્રંથો, વેદ, ઉપનિષદ, પુરાણ ભાસ્ય દ્વારા લોક શિક્ષણ, વિદ્યા શિક્ષા જેવા વિષયો ઉપર યુગ દ્રષ્ટા દ્વારા લિખિત તમામ સદસાહિત્ય પ્રાપ્ત કરવા આ વિરાટ પુસ્તક મેળામાં પરિવાર, મિત્ર મંડળ અને સ્નેહી કુટુંબીજનો સાથે પધારી આધ્યાત્મિક જ્ઞાન મેળવવા અનુરોધ કરવામાં આવે છે.

આ પુસ્તક મેળામાં વાંચે ગુજરાત મહિલા ગરિમા, બેટી બચાવો, સ્વરોજગાર, સ્ત્રી સશકિતકરણ, પર્યાવરણ અને જળસંચય જેવા વિવિધ વિષયો સાથે સંપૂર્ણ સ્વાસ્થ્ય, સંવર્ધન, શાસન વ્યવસ્થા, બાળ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ જેવા રાષ્ટ્ર ઉત્થાનના કાર્યક્રમો અંગેનું સાહિત્ય પણ ઉપલબ્ધ છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં નાણા વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા.૨૭

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. મેચમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુવરઠા અને કલ્પસર વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ લેવાનું પસંદ કર્યું હતું. આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમનો નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ટીમ સામે ૧૦૧ રનથી ભવ્ય વિજય મેળવી કવાટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. જે ૧લી જાન્યુઆરીએ મહેસુલ વિભાગ સામે રમશે.

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ લેવાનું પસંદ કરેલ હતું. જ્યારે નાણા વિભાગની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૩૦ ઓવરમાં ૪ વિકેટે ૧૮૯ રન કરેલ હતા. જેમાં બેટીંગમાં સંદિપ ચાવડા ૬૭ રનમાં ૧૨ ચોગ્ગા, એચ.ડી. સેઈલર ૪૦ રનમાં ૩ ચોગ્ગા, ધવલ અગ્રાવત ૧૭ રનમાં ૨ ચોગ્ગા, કમલેશ સોલંકી ૧૯ રનમાં ૨ ચોગ્ગા, અને હિતેશ ઠાકોર ૧૬ રનમાં ૨ ચોગ્ગા મુખ્ય હતા અને બોલીંગમાં કમલેશ સોલંકી ૨૨ રનમાં ૪ વિકેટ, શૈલેષ પ્રજાપતિ ૨૪ રનમાં ૨ વિકેટ, સંદિપ ચાવડા અને ધવલ અગ્રાવતે ૧-૧ વિકેટ મેળવી હતી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે ૨૨ ઓવરમાં ૮૮ રનમાં ઓલઆઉટ થઈ હતી. જેમાં બેટીંગમાં નિલેશ ચાવડના ૨૬ રન મુખ્ય હતા અને બોલીંગમાં હસમુખ રાઠોડ ૩૦ રનમાં ૨ વિકેટ, પ્રતિક જોષી અને વિશાલ જસાણીને ૧-૧ વિકેટ મેળવી હતી. મેન ઓફ ધી મેચ સંદિપ ચાવડા થયેલ છે.

નાણા વિભાગની ટીમનો ૧૦૧ રને ભવ્ય વિજય થયો હતો. નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ બી. દાણી તથા વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ખેલાડીઓને અભિનંદન આપ્યા છે.

ક્રિડા કૌશલ્ય વર્ધક કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિના ખેલાડીઓનો સ્કીલ ડેવલેપમેન્ટ કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

રમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર (C/o મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૨૧, ગાંધીનગર ફોન-૦૭૯-૨૩૨૪૧૧૮૦) દ્વારા અનુસુચિત જાતિના ખેલાડીઓમાં રહેલી રમત લક્ષી સુષુપ્ત શકિતઓને કૌશલ્ય વર્ધક કાર્યક્રમ દ્વારા બહાર લાવી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે આ જાતિના ખેલાડીઓ સારા પરિણામ મેળવી શકે તે હેતુને ધ્યાને લઈ તા. ૩૧-૧-૧૩ના રોજ ૧૬ વર્ષ પુર્ણ ન થાય તેટલી ઉંમરના ગાંધીનગર જિલ્લાના ખેલાડી ભાઈઓ-બહેનો માટેનો કબડ્ડી/ ખોખો/વોલીબોલ/એથ્લેટીકસ અને યોગાસન એમ કુલ પાંચ રમતોનો ૨ દિવસનો નિવાસી પ્રશિક્ષણ શિબિર ૨૮-૨-૧૩ પહેલા યોજવામાં આવનાર છે તો આ શિબિરમાં ભાગ લેવા માટે નીચેની લાયકાત ધરાવતા ખેલાડીઓને સિનિયર કોચની કચેરીમાંથી ૧૫-૧-૧૩ સુધીમાં કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય ફોર્મ મેળવીને ભરી પરત કરવાના રહેશે.

દરેક રમતના ૧૦૦ ખેલાડીઓની મર્યાદા છે તેમ છતાં વધારે સંખ્યા થશે તો જે તે ખેલાડીઓની સિદ્ધિ તેમજ પરફોમન્સને ધ્યાને લઈ પસંદગી કરીને પ્રવેશ આપવામાં આવશે. આ શિબિર નિવાસી હોઈ શિબિર સ્થળે રોકાણ કરવું ફરજીયાત રહેશે.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ક્રિસમસ પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૨૭

'સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ'ની ભાવના ધરાવતી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજામાં 'ક્રિસમસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ક્રિસમસ ઉજવણી કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ હતી. એ પછી 'ઈસુ ખ્રિસ્તના જન્મ પ્રસંગને વિદ્યાર્થીઓ દ્વારા આબેહુબ નાટકરૂપે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓ દ્વારા 'જીંગલ બેલ' ગીતની પ્રસ્તુતિ અને 'સાન્તા કલોઝ'ના આગમનને દર્શકોએ હર્ષભેર વધાવી લીધા હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે પાસ્ટર રેવ. ઉદય એ બાઈબલમાંથી ટૂંકો સંદેશો આપી બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સ્કુલના વિદ્યાર્થીઓ શાયમા બિલખીયા અને પૃથ્વી ગાંધીએ એન્કરીંગ કર્યું હતું. આ પ્રસંગમાં સંપૂર્ણ આયોજન શાળાના વાઈસ પ્રિન્સીપાલ ક્રિન્હા ક્રિશ્ચિયને સુંદર રીતે કર્યું હતું. ક્રિસમસની ભવ્ય ઉજવણીની મહેમાનોએ મુકત મને પ્રશંસા કરી હતી.

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજમાં કૉમર્સ ઍક્સપોઝર ડે ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ ખાતે કાર્યરત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં તાજેતરમાં ડિસેમ્બર મહિનાના 'ડે સેલિબ્રેશન' અંતર્ગત કૉમર્સ ઍક્સપોઝર ડે ઉજવવામાં આવ્યો હતો. ઉજવણીના અંતે શ્રેષ્ઠ વર્ગોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ડિસેમ્બર માસના ડે સેલિબ્રેશન પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓએ પ્રથમ ડે તરીકે કૉમર્સ એક્સપોઝર ડે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. કોમર્સની થીમ તરીકે એફ ડીઆઈ, મોલ કલ્ચર, એડવર્ટાઈઝમેન્ટ, પ્રોડક્શન પ્રોસેસ, બેન્કીંગ સિસ્ટમ, ઈ-કોમર્સ જેવા વિષયોની પસંદગી કરી હતી. આ વિષયો પર વિદ્યાર્થીઓએ પ્રેઝન્ટેશન, ક્લાસ ડેકોરેશન અને રોલો પ્લે દ્વારા ઉજવણી કરી હતી. કૉલેજના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. ઉજવણીના અંતે દરેક વર્ષમાંથી શ્રેષ્ઠ ક્લાસને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

યુવાનોની માનસિકતા સમજવી બહુ અઘરી છે

વિચાર મંચ

- પોપટલાલ એસ પ્રજાપતિ

આચાર્ય રજનીશે એકવાર કહેલું કે, 'મેં આખી જિંદગી મારા પિતાને ખોટા ઠેરવવા પ્રયત્ન કર્યો, પણ જ્યારે મને લાગ્યું કે મારા પિતા સાચા હતા ત્યારે હવે મારો પુત્ર મને ખોટો ઠેરવવા પ્રયત્ન કરે છે.' બસ, વર્ષોથી ચાલી રહી છે આ મથામણ. યુવાનોને લાગે છે કે વડીલો પોતે માની લીધેલા સત્યનું આચરણ યુવાનો કરે તેવો દુરાગ્રહ રાખે છે જ્યારે વડીલો માને છે કે આજના યુવાનો પોતાનું ધાર્યું કરે છે. આપણી સાચી વાત પણ માનવા તૈયાર નથી, વડીલો હંમેશા બળાપો વ્યકત કરે છે કે યુવાનોને ધર્મ પ્રત્યે આસ્થા નથી, નીતિમત્તા કે પ્રમાણિકતામાં તેમને વેવલાપણું લાગે છે. રીતરિવાજો કે માન્યતાઓનો તે હંમેશા છેદ ઉડાડી દે છે. વડીલો પ્રત્યેના આદર કે વિવેકમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. કોઈ સામાજિક પ્રસંગોમાં જવાનું કહેવામાં આવે તો મોં મચકોડે છે. ઘરે આવેલા મહેમાનને 'આવો' કહેવાની સૌજન્યતા બતાવવાને બદલે ટીવીની સીરિયલો કે લેપટોપમાં મન પરોવી રાખે છે. તેમને ધાર્મિક પુસ્તકો વાંચવાનો બિલકુલ ટાઈમ નથી. ફેસબુક અને ઈન્ટરનેટ પર કલાકો વિતાવે છે. ઘરનું ખાણુ છોડી પંજાબી, ચાઈનીઝ, ઈટાલિયન, ફાસ્ટફુડ ખાવામાં ગૌરવ અનુભવે છે. બાળ ઉછેરમાં ધ્યાન આપવાને બદલે પત્નિ પાસે નોકરી કરાવી બાળકોને ઘોડીયા ઘરને હવાલે કરી દેવાય છે. આ બધી જ બાબતો માટે વડીલો ટકોર કરે તો તેમને જુનવાણીના કહી આધુનિકતા સાથે તાલ મિલાવવાની શિખામણ અપાય છે. વડીલોને સતત ચિંતા એ છે કે આજના યુવાનો સમાજને કઈ દિશામાં લઈ જશે? યુવાનોના તુટતા જતા દામ્પત્યજીવન પ્રત્યે વડીલો સતત બળાપો અને અજંપો વ્યકત કરે છે. પણ સિક્કાની બીજી બાજુ જોઈએ તો ચિત્ર કંઈક જુદુ જોવા મળે છે. શનિવારે હનુમાનજીના મંદિરે કે ગુરૂવારે સાંઈબાબાના દર્શન માટે જીન્સ અને ટીશર્ટ પહેરેલા યુવક-યુવતીઓ વિશેષ જોવા મળે છે. અંબાજી જતા સંઘોમાં વડીલો કરતાં યુવાનોની સંખ્યા વિશેષ જોવા મળે છે. ઠેરઠેર ઉભા કરાતા રાહત કેન્દ્રોમાં યુવાનો સેવા બજાવતા નજરે રાસની રમઝટ બોલાવવામાં યુવાનો મોખરે હોય છે. એટલું જ નહિ કુદરતી આપત્તિમાં અસરગ્રસ્તોને મદદ કરવા યુવાનોની ટીમ જ સક્રિય બની દોડી જાય છે. આઝાદીના સંગ્રામમાં કે નવનિર્માણ જેવા આંદોલનોમાં યુવાનોની જ ખાંભીઓ રચાય છે. ત્યારે યુવાનો વિશે કરાતી કલ્પનાઓ કે નિરાશાજનક વાતો ખોટી પડતી જણાય છે. મહત્વની વાત એ છે કે યુવાનોની એક આગવી વિચારધારા હોય છે. તેમનો વિદ્રોહ પરિણામલક્ષી હોય છે. તેમની માન્યતાને સિધ્ધ કરવાના પ્રયત્નોમાં કદાચ ધિરજનો અભાવ હોઈ શકે પણ લક્ષ્ય પ્રાપ્તિ યેનકેન પ્રકારે કરવામાં તેઓ અડચણો સાંખી લેતા નથી. યુવાની કોઈની આંગળી પકડી ચાલવા ટેવાઈ નથી. તેઓ કોઈના નેતૃત્વમાં આંધળુકીયા કરી દોરવાતા નથી. એકવાર દોરવાય પછી સમર્પિત થઈ જાય છે. ધ્યેય સિદ્ધ કરવામાં નીતિમત્તા કે લાગણીનો છેદ ઉડાડવામાં એમને સારતા પણ જોઈ શકાય છે.

યુવાનીને સમજવી બહુ અઘરી છે. તેમની માનસિકતાની કોઈ ચોક્કસ વ્યાખ્યા કરવામાં ભુલ થવા સંભવ છે. યુવાનોને ડીસ્કો કે બારપાર્ટીમાં નૃત્ય કરવાનું ગમે છે. તે લીવ ઈન રીલેશનશીપમાં માને છે પણ લગ્નની ચોરીમાં વિધિવત ફેરા ફરવામાં કદી આનાકાની કરતો નથી. એને ક્રિસમસ પર મિત્રો સાથે પેંગ લેવાનું ગમે છે પણ ધનતેરસે ચોપડા પૂજન પણ ભક્તિભાવથી કરે છે. પત્નિ સાડીને બદલે જીન્સ કે ડ્રેસ પહેરે તે ગમે છે પણ પ્રસંગપાત સાડી પહેરવાની મનાઈ કરતો નથી. કોઈના પ્રેમ પાછળ પાગલ બની મા-બાપ સામે બળવો પણ કરી શકે છે. તો પ્રેમનો ઈન્કાર કરનારના મોં પર ઍસિડ પણ ફેંકી શકે છે. તેમને ધર્મમાં શ્રદ્ધા છે પણ ધર્મના આડંબર સામે તેઓ બંડ પોકારી શકે છે. લેટ ગૉની ભાવના સાથે જલ્દી સંમત થતો નથી. અન્યાયની સામે તેનું લોહી જલ્દી ગરમ થઈ જાય છે પરિણામે આતંકવાદીઓ યુવાનોના મગજમાં ધાર્મિક ઝનુન ભારોભાર ભરી તેમના હાથમાં એ.કે. ૪૭ પકડાવી દે છે. પરિણામે લૂંટફાટ, ત્રાસવાદ કે ખૂનામરકીમાં પણ યુવાનો મોખરે હોય છે. બેરોજગારી અને સમય સાથે તાલ ન મિલાવી શકવાની લાચારી યુવાનોમાં આક્રોશનો રંગ ભરી દે છે. આ આક્રોશ પછી કેવળ આફત નોતરે છે. માટે જ એમ કહી શકાય કે યુવાનોને સાથે રાખી ઈતિહાસનું નવસર્જન પણ કરી શકાય અને એમનો તિરસ્કાર કરવાથી ઈતિહાસની ભવ્યતાને ભંગારમાં પણ પલટી શકાય તેમને આપણે કેવી દ્રષ્ટિથી જોઈએ છીએ તેના પર યુવાનો તેમની દિશા નક્કી કરે છે. એક વાત નક્કી છે કે, યુવાનો પ્રવાહને પલટી શકે છે, અંધકારને ઉજાસમાં ફેરવી શકે છે. લાખોનિરાશામાં આશાનો સંચાર કરી શકે છે. એમનો તિરસ્કાર કરવાથી કેવળ વિનિપાત સર્જાય છે. કાશ, આપણે યુવાનોને સમજવાની દ્રષ્ટિ કેળવીએ તો દેશનું ભવિષ્ય ઉજળુ છે. આજ સુધી સૌએ પોત પોતાના સ્વાર્થ પ્રમાણે યુવાનોનો ઉપયોગ કે દુરૂપયોગ કર્યો છે. યુવાનોના જોમ અને જુસ્સાને યોગ્ય દોરવણી કે દિશા આપવામાં આવે તો નવસર્જન કરવું અઘરું નથી પણ યુવાનોની માનસિકતાને હજુ આપણે સમજી શકયા નથી.